

ગુજરાત ગુજરાત GUJARAT

D 719474

અનુક્રમ નં. 322
સ્ટેમ્પ રૂા. 1000 નંગ 2 પૈકીરૂા. 10001-ના
ખરીદનાર નું નામ [illegible]
રહેવાશી [illegible] હસ્તે [illegible]
તારીખ 28/08/19
લેનારની સહી [illegible]
[illegible]
[illegible]
[

ત્રીજા પક્ષકાર : શ્રી ઘનશ્યામલાલ બદ્રિલાલ સોમાણી
ઉ.વ.૫૦ ધંધો. વેપાર
રહે. જામનગર.

ઉપરોકત પક્ષકારો જામનગર જીલ્લાના જામનગર તાલુકામાં આવેલ , **પ્લોટ નં- ૫, સર્વે નં ૪૩૩, શ્રી ગણેશ ઈન્ડસ્ટ્રીયલ હબ, જામનગર લાલપુર રોડ, ગામ ચંગા , તા. જી. જામનગર** મુકામે ચલાવવા આ ભાગીદારી દસ્તાવેજ કરવામાં આવેલ છે. આ ભાગીદારી પેઢીનો મુખ્ય ધંધો **બ્રાસ પાર્ટસ તેમજ અન્ય તમામ પ્રકારના પાર્ટસ બનાવાનો એટલે કે ઉત્પાદન અને ફરી વેચાણ** વિગેરે નો ધંધો તારીખ : ૨૯-૦૮-૨૦૧૯ ના રોજથી " **નર્મદા બ્રાસ ઈન્ડસ્ટ્રીઝ** "ના નામથી શરૂ કરેલ છે.

હવે પછી આ ભાગીદારી દસ્તાવેજમાં વ્યકિતગત રીતે 'ભાગીદાર' અને સંયુકત રીતે 'ભાગીદારો' એવા ટુંકા નામથી સંબોધવામાં આવશે.

આ ભાગીદારી પેઢીની શરતો નીચે મુજબ છે.

-: શરતો અને સમજુતીઓ :-

૧) **નામ :-**

આ ભાગીદારી વહીવટનું નામ " **નર્મદા બ્રાસ ઈન્ડસ્ટ્રીઝ** " રાખવામાં આવેલ છે. અને રહેશે. જેમાં ભાગીદારોની સર્વસંમતિથી ફેરફાર કરવો હશે તો કરી શકાશે.

૨) **ધંધાનું સ્થળ :-**

આ ભાગીદારી ધંધાનું મુખ્ય સ્થળ " **પ્લોટ નં- ૫, સર્વે નં ૪૩૩, શ્રી ગણેશ ઈન્ડસ્ટ્રીયલ હબ, જામનગર લાલપુર રોડ, ગામ ચંગા , તા. જી. જામનગર** " મુકામે રહેશે. તેમજ ભાગીદારોની પરસ્પરની સમજુતીથી સંજોગો પ્રમાણે સ્થળમાં ફેરફાર કરી શકાશે. શાખા કે શાખાઓ ખોલી શકાશે.

૩) **અમલ :-**

આ ભાગીદારી વહીવટની શરૂઆત તા. ૨૯-૦૮-૨૦૧૯ ના રોજથી અમલમાં આવેલ ગણાશે.

૪) **મુદત :-**

આ ભાગીદારી મરજીયાત ગણાશે એટલે કે ભાગીદારોની રાજીખુશીથી હશે ત્યાં સુધી અમલમાં રહેશે. ટુંકમાં આ ભાગીદારી 'પાર્ટનરશીપ-એટવીલ' ગણાશે.

૫) **વહીવટ અને ધંધો :-**

આ ભાગીદારી પેઢીનો મુખ્ય ધંધો **બ્રાસ પાર્ટસ તેમજ અન્ય તમામ પ્રકારના પાર્ટસ બનાવાનો એટલે કે ઉત્પાદન અને ફરી વેચાણ** વિગેરેનો ધંધો રહેશે. તદઉપરાંત ભાગીદારોની પરસ્પરની સમજુતી બીજો કોઈપણ કાયદેસરનો ધંધો કરી શકશે.

૬) **મૂડી રોકાણ :-**

આ ભાગીદારી વહીવટમાં તમામ ભાગીદારોએ પરસ્પરની સમજુતી મુજબ મૂડી રોકાણ કરવાનું છે.

૭) **મૂડી પર વ્યાજ :-**

આ ભાગીદારી વહીવટમાં ભાગીદારોની રોકાતી મૂડી પર વાર્ષિક સાદુ વ્યાજ પ્રતિ વર્ષ ૧૨ ટકા : બાર ટકા : મૂજબ આપવામાં આવશે.ભાગીદારી પેઢી નાં હિસાબી ચોપડા પ્રમાણે તેમજ આવકવેરા કાયદાની કલમ-૨૮ થી ૪૪-ડી(પ્રકરણ-૪ ડી) તેમજ અન્ય કલમો અને વખતો વખત આવકવેરા ધારાની કલમો અન્વયે જે તે વર્ષ લાગુ પડતું હોય તો તે મુજબ ગણતરી કર્યા પ્રમાણે ના નફામાંથી ભાગીદાર કે ભાગીદારોને આપવામાં આવેલ કે આપવાપાત્ર મહેનતાણું બાદ કર્યા પહેલાના નફામાંથી ઉપર મુજબ વ્યાજ ભાગીદારોનાં ચાલુ ખાતા, લોન ખાતા તથા મૂડી ખાતા કે અન્ય ખાતામાં જેમા પૈસા જમા હોય તેના ઉપર પેઢીએ વ્યાજ આપવાનું રહેશે. તેમજ ભાગીદારોના ઉપરોકત ખાતાઓમા જો ઉધાર બાકી હોય તો ઉપરોકત દરે પેઢીને વ્યાજ આપવાનું રહેશે. તેમજ વર્ષ દરમ્યાન જો કોઈ ભાગીદાર છુટા થાય અથવા રજા-કજા થાય તો તે સમય સુધીનું વ્યાજ આપવાનું કે લેવાનું રહેશે. ઉપર દર્શાવ્યા પ્રમાણેનું વ્યાજ ઉપર મુજબ ગણતરી કર્યા પ્રમાણેના નફામાથી જ આપવામાં આવશે.જો આ પ્રમાણે નફો ન હોય તો વ્યાજ આપવામાં આવશે નહી.અને જો નફો અપુરતો હોય તો વ્યાજ નફાના પ્રમાણસર આપવામાં આવશે.

૮) **મહેનતાણું :-**

આ ભાગીદારી વહીવટના સંચાલનમાં **તમામ પક્ષકારો** સક્રીય રીતે કામકાજ સંભાળશે અને વહીવટના સંચાલનમાં વખતો વખત સમય અને લક્ષ આપશે તે બદલ કાર્યરત ભાગીદાર હાલ નીચે દર્શાવેલ ગણતરી મુજબ પ્રતિ વર્ષ વાર્ષિક ધોરણે મહેનતાણું મેળવવાને હકકદાર રહેશે. તેમજ આવુ મહેનતાણું જે તે સમયે અમલમાં હોય તેવા આવકવેરા કાયદાની જોગવાઈ અન્વયે જે તે દરે આવું મહેનતાણું મળવા મેળવવા હકકદાર રહેશે.

૧. પ્રથમ રૂા.૩,૦૦,૦૦૦/- બુક પ્રોફિટ ઉપર અથવા નુકશાન હોય તો
- રૂા. ૧,૫૦,૦૦૦/- અથવા તો બુક પ્રોફિટના ૯૦% જે વધારે હોય તે

૨. બાકીના બુક પ્રોફિટ ઉપર
- બુક પ્રોફિટના ૬૦%

ઉપરોકત મહેનતાણુ આવકવેરા કાયદાની કલમ ૪૦બી મુજબ અગર જે તે આવકવેરા કાયદાની પ્રર્વતમાન જોગવાઈ મુજબ જે વર્ષમાં પેઢીનો ' બુક પ્રોફીટ' હોય તે વર્ષને વાર્ષિક

મહેનતાણું આપવાનું રહેશે. ઉપરના પેરેગ્રાફ મુજબ ગણતરી કરેલ વાર્ષિક મહેનતાણાની રકમ નીચે જણાવ્યા મુજબ મળવાપાત્ર આખરે જે તે ભાગીદારના ખાતે જમા કરવામાં આવશે જે તેમને ચુકવેલ છે. તેમ ગણવાનું રહેશે.

અનુ.નં.	ભાગીદારનું નામ	મહેનતાણામાં ભાગ
૦૧	શ્રી હિતેષ પ્રાગજીભાઈ દુધાગરા	૨૦.૦૦ ટકા
૦૨	શ્રીમતી રોનક હિતેષભાઈ દુધાગરા	૩૦.૦૦ ટકા
૦૩	શ્રી ઘનશ્યામલાલ બદ્રિલાલ સોમાણી	૫૦.૦૦ ટકા
		૧૦૦.૦૦ ટકા

અમો બધા ભાગીદારો સક્રીય રીતે પેઢીનો વહીવટ તેમજ સંચાલન કરવાની સંમતિ આપતા તેઓ ભાગીદારી પેઢીનો વહીવટ તેમજ સંચાલન સક્રિય રીતે વખતો વખત ધ્યાન આપશે અને તેમના સમયનો પેઢી માટે ઉપયોગ કરશે. અને તેના વળતર રૂપે પેઢી દ્વારા ઉપરોકત ભાગીદારોને દરેકને વાર્ષિક ધોરણે મહેનતાણું કે રેમ્યુનરેશન આપી શકાશે.

૯) **ગુડવીલ :-**

આ ભાગીદારી ધંધાની ગુડવીલ ગણવાની નથી.

૧૦) **વધારાની મૂડી લાવવા અંગે :-**

ભાગીદારી વહીવટ માટે વધારાની મૂડીની જરૂર પડે તો ભાગીદારો શરાફી લોન કે ડીપોઝીટ લાવી શકાશે. ભાગીદારો વચ્ચેની પરસ્પરની સમજુતીથી કોઈપણ બેંક કે શરાફ પાસેથી તારણવાળી, તારણ વગરની કે થાલ ઉપર કે વ્યાજે લોન પેઢીના હિસાબે અને જોખમે લાવી શકાશે. અને તેવી લોન લાવતા થયેલ ખર્ચ ગણાશે. કોઈ ભાગીદાર બીજા ભાગીદારના રોકાણથી વધુ મૂડી રોકે તો તેઓને વધારાની રોકાયેલી મૂડી ઉપર આવકવેરાના કાયદાની જોગવાઈ અનુસાર વ્યાજ આપી શકાશે.

૧૧) **ઉપાડ :-**

ભાગીદારો પરસ્પરની સમજુતીથી પેઢીની નાણાકીય જરૂરીયાતને ધ્યાનમાં રાખીને પોતાના અંગત ઉપાડ ખાતે માંડીને પોતાના નફાનાં હિસ્સા પેટે અગાઉથી ઉપાડ કરી શકાશે.

૧૨) **નફા-નુકશાનમાં હિસ્સો :-**

ભાગીદારી વહીવટના હિસાબો દર વર્ષની ૩૧મી માર્ચના રોજ પુરા કરીને તેમાંથી ઘાલ-ખાધ, કસર વ્યાજ, કમીશન વિગેરે ખર્ચાઓ તેમજ ઉપર જણાવેલ ભાગીદારોની રોકેલ રકમ ઉપર વ્યાજ તેમજ મહેનતાણુ કે રેમ્યુનરેશન વિગેરે બાદ કર્યા પછી જે કાંઈ નફો કે નુકશાન વધે તે નીચે દર્શાવેલ ટકાવારી પ્રમાણે દરેક ભાગીદારો વચ્ચે વહેચણી કરવાની રહેશે.

અનુ.નં.	ભાગીદારનું નામ	નફામાં હિસ્સો	નુકશાનમાં હિસ્સો
૦૧	શ્રી હિતેષ પ્રાગજીભાઈ દુધાગરા	૨૦.૦૦ ટકા	૨૦.૦૦ ટકા
૦૨	શ્રીમતી રોનક હિતેષભાઈ દુધાગરા	૩૦.૦૦ ટકા	૩૦.૦૦ ટકા
૦૩	શ્રી ઘનશ્યામલાલ બદ્રિલાલ સોમાણી	૫૦.૦૦ ટકા	૫૦.૦૦ ટકા
		૧૦૦.૦૦ ટકા	**૧૦૦.૦૦ ટકા**

૧૩) **બેંક ખાતા તથા વહીવટ :-**

સદરહુ ભાગીદારી વહીવટના નામથી કોઈપણ બેંકમાં ભાગીદારોની પરસ્પરની સમજુતી અને સંમતિથી ચાલુ (કરન્ટ) ખાતા, બચત ખાતા, બાંધી મુદત , ઓવરડ્રાફટ, કેશક્રેડિટ કે લોન વિગેરે પ્રકારના ખાતા ખોલાવી શકાશે અને તેનો વહીવટ ભાગીદારોની સયુંકત અથવા કોઈપણ એક સહીથી અથવા પરસ્પરની સમજુતીથી ચલાવી શકાશે.

૧૪) **હિસાબી વર્ષ :-**

આ ભાગીદારી વહીવટનું હિસાબી વર્ષ નાણાકીય વર્ષ મુજબ રહેશે.પેઢીનું આ પ્રથમ હિસાબી વર્ષ ૩૧-૦૩-૨૦૨૦ સુધીનું ગણાશે. અને ત્યાર બાદ દર વર્ષ ૩૧મી માર્ચના રોજ વર્ષ પુરૂ થયેલ ગણાશે.

૧૫) **ભાગીદારી વહીવટના ચોપડા :-**

આ પ્રકારના વહીવટના સામાન્ય રીતે રાખવામાં આવતા તમામ પ્રકારના હિસાબ-કિતાબના અને ભાગીદારી વહીવટના વ્યવહારો, દસ્તાવેજો વગેરે સામાન્ય રીતે ભાગીદારી વહીવટનાં મુખ્ય સ્થળે રાખવાના-તપાસવાનો તથા તેમાથી જરૂરી માહિતીની નકલ ઉતારવાનો હકક બધા ભાગીદારોને રહેશે.

૧૬) **વહીવટ-વ્યવસ્થા અને કામકાજ :-**

આ ભાગીદારોનો વહીવટ ભાગીદારોએ સાથે મળી સલાહ સંપથી પોત-પોતાનાથી બનતો સમય આપીને તેમના પોતાના હસ્તક થયેલ કામની એકબીજા ભાગીદારોને માહિતગાર રાખીને નેક-નિષ્ઠાપૂર્વક, પ્રમાણીકતાથી ભાગીદારી પેઢીમાં સંભાળવાનો છે. કોઈપણ સરકારી કે અર્ધસરકારી કામકાજ કોઈપણ એક ભાગીદારથી ચલાવી શકાશે તેમા અન્ય ભાગીદારોની ઓથોરીટી મેળવવાની જરૂરીયાત રહેશે નહી.

૧૭) **વાર્ષિક હિસાબો :-**

ભાગીદારી વહીવટના ચોપડા અનુસાર હિસાબી વર્ષના અંતે નફા-નુકશાનનાં હિસાબોના તથા વર્ષ આખરના રોજનુ બાકી લેણુ-દેણુ તથા અસ્કયામતો અને જવાબદારી દર્શાવતું સરવૈયુ તૈયાર કરવાનું રહેશે.જે દેખીતી રીતે ભૂલ-ચુક કે બદ ઈરાદા પૂર્વક છુપામણી સિવાયનું હશે. જે બધા ભાગીદારોને બંધનકર્તા રહેશે.

૧૮) **વહીવટી ખર્ચા :-**

નફા-નુકશાનના હિસાબો તૈયાર કરતી વખતે જે તે હિસાબો વર્ષને લગતા અને ભાગીદારી વહીવટને લગતા તમામ પ્રકારના ખર્ચ, ચાર્જ, કરવેરા, વિગેરે વટાવ ખાતે માડવાના રહેશે. અને તેમા ભાગીદારોની મુડીપર વ્યાજ, પગાર, બોનસ, કમીશન, મહેનતાણુ, ઘસારો, કસર, ઘાલ-ખાધ, રીઝર્વ, પ્રોવિઝન અનામત વિગેરે અંગે ભાગીદારોની વચ્ચે પરસ્પરની સમજુતી અને સંમતી મુજબ નકકી થાય તો તે રકમો માંડવાની રહેશે.

૧૯) **અંગત દેવા :-**

દરેક ભાગીદારે પોત-પોતાના અંગત દેવા નિયમિત રીતે ચુકવવાના છે અને અંગત દેવા બાબત ભાગીદારી કે તેના વહીવટને આંચ કે ટાંચ ન આવે તે રીતે વર્તવાનું છે.

૨૦) **રજા-કજા અંગે :-**

કોઈપણ ભાગીદારની રજા-કજાએ આ ભાગીદારી કે તેના વહીવટ બંધ કરી શકશે નહી પરંતુ બાકીના હયાત ભાગીદારો ગુજરનારના વારસોને ગુજરનારનો હકક- હિસ્સો આપી ભાગીદારીમાં સામેલ કરી શકાશે. ગુજરનારના વારસદારને ભાગીદારીમાં સામેલ થવુ ન હોય તો બાકીના હયાત ગુજરનારના વારસદારને તેમને પોતાના હકક-હિસ્સા સમજી લઈ છુટા થવાનુ રહેશે. તથા કોઈપણ સંજોગોમાં ભાગીદારી કે તેનો વહીવટ બંધ કરાવી શકાશે નહી.

૨૧) **છુટા થવા અંગે :-**

કોઈપણ ભાગીદારે સ્વમરજીથી સદરહુ પેઢીમાથી છુટા થવુ હોય તો તેમણે થવાના ઈરાદાની જાણ અન્ય ભાગીદારોને એક માસ અગાઉની લેખિત અથવા મૌખિક નોટીસથી જાણ કરવાની રહેશે. અને નોટીસની મુદત પુરી થયા બાદ તેઓ ભાગીદારમાંથી છુટા થયેલ ગણાશે. તેમણે તેમની જમા નીકળતી રકમ લઈને અથવા ઉધાર બાકી હોય તો ભરપાઈ કરીને છુટા થવાનુ રહેશે.

૨૨) **એસાઈમેન્ટ :-**

કોઈપણ ભાગીદારી પેઢી માટેનો પોતાનો હકક-હિસ્સો કે હિત વેચાણ-બક્ષિસ આપી શકશે નહી, તેમજ તેના ઉપર કરજ કે બોજો કરી શકશે નહી, ગીરો મુકી શકશે નહી કે અન્ય કોઈ બીજી ત્રાહીત વ્યકિતના નામે ટ્રાન્સફર કે એસાઈમેન્ટ કરી શકાશે નહી.

૨૩) **સ્ટેમ્પ પેપર :-**

આ ભાગીદારી દસ્તાવેજ રૂા.૧૦૦૦.૦૦ અંકે એક હજાર પુરાના સ્ટેમ્પ પેપર ઉપર જેના સ્ટેમ્પ નંબર D ૭૧૯૪૭૪ તારીખ ૨૮-૦૮-૨૦૧૯ ના રોજ નિલેશ એચ. જાદવ સ્ટેમ્પ વેન્ડર પાસેથી ખરીદીને કરવામાં આવેલ છે.

આ ભાગીદારી દસ્તાવેજ અમો નીચે સહી કરનારા બધા ભાગીદારે વાંચી, વિચારી સમજી બીના કેફે, જીવ કાયમ રાખી પુરેપુરી અકકલ હોશીયારીથી કોઈપણ જાતના દબાણ વિના શુધ્ધબુધ્ધિથી અને રાજી ખુશીથી પરસ્પરના હિતાર્થે કરેલ છે. બધા ભાગીદારોને તથા અમારા વંશ-વારસોને વાલી વગેરેને કબુલ મંજુર છે. જેની ખાત્રી બદલ નીચે સાક્ષીઓની રૂબરૂ પોત-પોતાના હસ્તે સહી કરી શાખ નખાવી આપેલ છે.

સ્થળ : જામનગર
તારીખ : ૨૮-૦૮-૨૦૧૯

અત્રે 11 SEP 2019 સહી અત્રે .....શાખ

:૧: ..... :૧: .....
(શ્રી હિતેષ પ્રાગજીભાઈ દુધાગરા)

:૨: ..... :૨: .....
(શ્રીમતી રોનક હિતેષભાઈ દુધાગરા)

:૩: .....
(શ્રી ઘનશ્યામલાલ બદ્રિલાલ સોમાણી)

Ad by
R.K Ach.

BEFORE ME
J. S. DAVE
NOTARY
No. ૨૬૧૧૧/૨૦૧૯ Dt.
11 SEP 2019

NOTARY J. S. DAVE DIST. JAMNAGAR STATE OF GUJARAT-INDIA REG. No. 779 EXP. DT. 12/02/2024 GOVERNMENT OF GUJARAT

NOTARIAL FIVE RUPEES

NARMADA BRASS INDUSTRIES

Partner

NARMADA BRASS INDUSTRIES

Partner





स्थाई लेखा संख्या /PERMANENT ACCOUNT NUMBER

AHHPS0244C

नाम /NAME

GHANSHYAMLAL BADRILAL SOMANI

पिता का नाम /FATHER'S NAME

BADRILAL NANURAM SOMANI

जन्म तिथि /DATE OF BIRTH

10-07-1969

हस्ताक्षर /SIGNATURE

आयकर आयुक्त, राजकोट

COMMISSIONER OF INCOME-TAX, RAJKOT

NARMADA BRASS INDUSTRIES

ઘનશ્યામ બદરીલાલ.

Partner